શિક્ષણ વિભાગમાં જુદી જુદી શાખાઓમાં
વિષયની ફાળવણી કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ક્રમાંક: મકમ/૨૦૨૧/૭૭૭/ફ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૪/૦૫/૨૦૨૨

કાર્યાલય આદેશ:-

શિક્ષણ વિભાગમાં જુદી જુદી શાખાઓને ફાળવવામાં આવેલ વિષયોની અદ્યતન તૈયાર કરીને આ સાથે બહાર પાડવામાં આવે છે.

૨. ઉપર્યુક્ત વિષય યાદીમાં શાખાઓને થયેલ વિષય ફાળવણી અનુસાર જે તે શાખાએ કાર્યવાહી કરવાની રહેશે. વિષય યાદીમાં શાખાઓને થયેલ વિષય ફાળવણીમાં કોઈ પણ પ્રશ્ન ઉપસ્થિત થાય તો નાયબ સચિવશ્રી(મહેકમ)નો નિર્ણય આખરી ગણાશે.

(બી.વી.રાઠવા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
- સર્વે અધિક સચિવશ્રી / નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે ઉપ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે સેકશન અધિકારીશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઈલ .
- શાખા સિલેક્ટ ફાઈલ.

# ક શાખા

(દાહોદ, પંચમહાલ, બનાસકાંઠા, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, રાજકોટ, અમરેલી, ભાવનગર, જામનગર, જુનાગઢ, પોરબંદર, સુરેન્દ્રનગર, કચ્છ, તાપી જિલ્લાઓને સંબંધિત નીચેની તમામ કામગીરી)

1. પ્રાથમિક શિક્ષણની લઘુતમ સિધ્ધિ, કક્ષા-સમતાઓના અમલીકરણ બાબત (એમ.એસ.એસ.)
2. પંચાયતો હેઠળ પ્રાથમિક શિક્ષણના કાયદા તથા નિયમોના એકીકરણને લગતી બાબત.
3. મુંબઇ પ્રાથમિક શિક્ષણના કાયદા તથા નિયમોના એકીકરણને લગતી બાબત
4. મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-૧૯૪૭ અને તે હેઠળ ઘડાયેલ નિયમોનો અમલ.
5. જિલ્લા શિક્ષણ સમિતિ, પંચાયત હેઠળના શૈક્ષણિક સ્ટાફની નિમણુંકો, બદલી, પેન્શન, રજાઓ વિગેરે સેવા વિષયક તથા નીતિવિષયક બાબતો (રહેમરાહે નિમણૂંક/ઉચ્ચક સહાય સહિત)
6. રાજયના તાલુકા/જિલ્લા/રાજ્ય કક્ષાના પ્રાથમિક શિક્ષક સંઘોના વિવિધ પ્રશ્નોની રજુઆત.(માન્યતા સાથે)
7. જીલ્લા પંચાયતની નવી સરકારી પ્રાથમિક શાળાઓ શરૂ કરવા બાબત.
8. કેળવણી નિરીક્ષક (બીટ નીરિક્ષક)ની નીતિ વિષયક/સેવા વિષયક બાબતો
9. ફાળવેલ જિલ્લા સંબંધિત પ્રાથમિક શિક્ષણના વિધાનસભા/લોકસભા/રાજયસભાના પ્રશ્નો અને ખાતરીઓ
10. ગુજરાત પ્રાથમિક શિક્ષણ ફરજિયાત નિયમો
11. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીઓનું નિરીક્ષણ તથા પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીનું નિરીક્ષણ
12. પ્રાથમિક શાળાઓના શિક્ષકોની ધોરણ – ૧ થી ૮ ની ભરતી માટે વિદ્યાસહાયક યોજના
13. ગ્રામ શિક્ષણ સમિતિઓની રચના
14. વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષકોને સોંપાતી બિનશૈક્ષણિક કામગીરીઓ
15. બાળકોની વીમા યોજના (વિદ્યાદીપ)
16. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીનો વાર્ષિક વહીવટી અહેવાલ
17. આર.ટી.ઈ-૨૦૦૯ના સરકારી પ્રાથમિક શાળાઓના અમલીકરણ અંગેની બાબતો
18. EDN-10, જીલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમો અંતર્ગત સર્વ શિક્ષા અભિયાનની કચેરીની બજેટ જોગવાઇ કરવા બાબત (નવી બાબતો તથા ચાલુ બાબતો)
19. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમોની બજેટ જોગવાઇ કરવા બાબત (નવી બાબતો તથા ચાલુ બાબતો)
20. કન્યા કેળવણી રથયાત્રા, શાળા પ્રવેસોત્સવ, ગુણોત્સવ અંગેની બાબત
21. TET-I, TET-II ની પરીક્ષાઓ યોજવા અંગેની નીતિ બાબત

22. સર્વ શિક્ષા અભિયાનની કચેરી હેઠળનો જ્ઞાનકુંજ પ્રોજેક્ટ, સ્માર્ટ ક્લાસ પ્રોજેક્ટ

23. શિક્ષકોને રાષ્ટ્રીય/રાજ્ય પારિતોષિક આપવાની યોજના

24. પ્રાથમિક શિક્ષકો અને વિદ્યાસહાયકોની સેવા વિષયક બાબતોના કોર્ટ કેસો

25. દાહોદ, પંચમહાલ, બનાસકાંઠા, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, રાજકોટ, અમરેલી, ભાવનગર, જામનગર, જુનાગઢ, પોરબંદર, સુરેન્દ્રનગર, કચ્છ, તાપી જિલ્લાઓને સંબંધિત તમામ કામગીરી જેવી કે, (શિક્ષણ વિભાગના તા.૧૮/૦૭/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:મકમ-૧૪-૨૮૧૪-પાર્ટફાઇલ-૬ થી થયેલ વિષય ફાળવણી મુજબ)
   - તબીબી કારણોસર ખાસ કિસ્સામાં શિક્ષકોની બદલીઓ,
   - રજાઓ, પગાર, કોર્ટ કેસો,
   - વિધાનસભા પ્રશ્નો, ખાતરીઓ,
   - પ્રધાનમંત્રીશ્રી સંદર્ભો, મુખ્યમંત્રીશ્રી સંદર્ભો, મંત્રીશ્રી સંદર્ભો, ધારાસભ્ય/સંસદસભ્યશ્રી સંદર્ભો,
   - ફાળવેલ જિલ્લા સંબંધિત પરચૂરણ અરજીઓ
   - આરટીઆઇની અરજીઓ

26. વિદ્યાર્થીઓને વીમા યોજના હેઠળ આવરી લેવા બાબત.

## ક-૧ શાખા

(અમદાવાદ, ગાંધીનગર, ખેડા, આણંદ, વડોદરા, ભરૂચ, નર્મદા, વલસાડ, સુરત, ગીરસોમનાથ, છોટાઉદેપુર, બોટાદ, દેવભૂમિ દ્વારકા, મોરબી, અરવલ્લી. મહીસાગર, ડાંગ, નવસારી જીલ્લાઓને સંબંધિત નીચેની તમામ કામગીરી)

1. ઓપરેશન બ્લેકબોર્ડ યોજના
2. સરહદી વિસ્તાર વિકાસ યોજના
3. શિક્ષક કલ્યાણ નિધી બાબત.
4. રાણે પંચ.
5. આશ્રમશાળાના શિક્ષકોને જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત સરકારી પ્રાથમિક શાળામાં લિયન આપવા બાબત
6. હજયાત્રાને લગતી અરજીઓની કામગીરી
7. કેળવણી નિરીક્ષકોને ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા બાબત
8. એવોર્ડી શિક્ષકોને મફત બસ મુસાફરી કરવાની યોજના
9. પ્રાથમિક શિક્ષકોના HRA/CLA સંબંધિત કોર્ટ મેટર
10. State programme of action for child
11. અમદાવાદ, ગાંધીનગર, ખેડા, આણંદ, વડોદરા, ભરૂચ, નર્મદા, વલસાડ, સુરત, ગીરસોમનાથ, છોટાઉદેપુર, બોટાદ, દેવભૂમિ દ્વારકા, મોરબી, અરવલ્લી. મહીસાગર, ડાંગ, નવસારી જીલ્લાઓને સંબંધિત તમામ કામગીરી જેવી કે, (શિક્ષણ વિભાગના તા.૧૮/૦૭/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:મકમ-૧૪-૨૮૧૪-પાર્ટફાઇલ-ફ થી થયેલ વિષય ફાળવણી મુજબ)
    - તબીબી કારણોસર ખાસ કિસ્સામાં શિક્ષકોની બદલીઓ,
    - રજાઓ, પગાર, કોર્ટ કેસો,
    - સંબંધિત જિલાના વિધાનસભા પ્રશ્નો, ખાતરીઓ,
    - પ્રધાનમંત્રીશ્રી સંદર્ભો, મુખ્યમંત્રીશ્રી સંદર્ભો, મંત્રીશ્રી સંદર્ભો, ધારાસભ્ય/સંસદસભ્યશ્રી સંદર્ભો,
    - પરચૂરણ અરજીઓ, આરટીઆઇની અરજીઓ

(શિક્ષણ વિભાગના તા.૧૮/૦૭/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:મકમ-૧૪-૨૮૧૪-પાર્ટ ફાઇલ-ફ થી થયેલ વિષય ફાળવણી મુજબ)

## ચ- શાખા

1. નગરપાલિકા/મહાનગરપાલિકા હેઠળની પ્રાથમિક શિક્ષણ સમિતિની રચના કરવા અંગે.
2. રાજ્યના તમામ જિલ્લાઓમાં પ્રાથમિક શાળામાં ઓરડાઓ બાંધવાની કામગીરી.
3. ઓરડાઓ બાંધવા સબંધંમાં નવી બાબતો આદિવાસી વિસ્તાર માટે તેમજ બિન આદિવાસી વિસ્તારની બાબતો નાણાં વિભાગને રજુ કરવી.
4. પ્રાથમિક શાળાના ઓરડાઓ માટે રીપેરીંગની નવી બાબત મંજુર કરવી.
5. સોલ્ટ એસોસીએશન હસ્તકના ઓરડાઓ બાંધવા અંગે.
6. ખાનગી તથા ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાના વહીવટી પ્રશ્નો.
7. ખાનગી તથા ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાના શિક્ષક સંઘોના હોદ્દેદારોની રજાઓ અંગે.
8. ખાનગી તથા ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાના કોર્ટકેસોની કામગીરી.
9. પ્રાથમિક શાળાના ઓરડા તેમજ ખાનગી શાળાના પ્રશ્નો બાબતમાં તારાંકિત / અતારાંકિત પ્રશ્નોની કામગીરી, ખાતરીઓની કામગીરી
10. રાજ્યના તમામ જિલ્લાઓમાં પ્રાથમિક શાળામાં વિધાર્થીનીઓ માટે અલગ શૌચાલય બનાવવાની કામગીરી.
11. સાક્ષરતા અને નિરંતર શિક્ષણ અને પ્રૌઢ શિક્ષણને લગતી કામગીરી
12. રાજ્ય પરીક્ષા બોર્ડની મહેકમ વિષયક બાબતો
13. RTE Act નો ખાનગી તથા ગ્રાન્ટેડ પ્રાથમિક શાળામાં અમલ
14. RTE Act હેઠળ ખાનગી તથા ગ્રાન્ટેડ શાળાઓને રીએમ્બર્સમેન્ટ (ફી, ગણવેશ, બૂટ-મોજાની બાબત)
15. CBSE શાળાઓ ધો.૧ થી ૮ માટેના પ્રશ્નો
16. મદરેસા, લઘુમતી શાળા તથા લઘુમતી શાળા ટ્રસ્ટને લગતી બાબત (પ્રાથમિક શાળાઓ).
17. ટ્યુશન અને તેને સંલગ્ન બાબતો(પ્રાથમિક શાળાઓ).
18. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આયોજિત NMMS(નેશનલ મીન્સ કામ મેરીટ સ્કોલરશીપ) યોજનાની કામગીરી.

## ન શાખા

1. જિલ્લા પ્રાથમિક શિક્ષણ પરિષદ ચાલુ યોજના તથા ડીપીઇપી યોજના અન્વયે ભૂકંપ અંગેની ગ્રાન્ટ
2. બાલ અધ્યાપન મંદિર/અધ્યાપન મંદિર
3. મહિલા સામખ્ય
4. ગુજરાત શૈક્ષણિક સંશોધન તાલીમ પરિષદ
5. જિલ્લા શિક્ષણ તાલીમ ભવનો
6. ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન
7. પી.ટી.સી.
8. સી.પી.એડ
9. ડી.પી.એડ
10. સર્વ શિક્ષા અભિયાન (SSA કચેરીનું મહેકમ તથા ગ્રાન્ટની બાબત)
11. પ્રાથમિક શાળાના શિક્ષકો, નિવૃત્ત શિક્ષક, કેળવણી નિરીક્ષક તથા સી.આર.સી./બી.આર.સી. નું મેડીકલ રીએમ્બર્સમેન્ટ મંજુર કરવા બાબત
12. પ્રાથમિક શાળાના શિક્ષકો, નિવૃત્ત શિક્ષક, કેળવણી નિરીક્ષક તથા સી.આર.સી./બી.આર.સી.ની ડુપ્લીકેટ સેવાપોથી મંજુર કરવા બાબત
13. મિશન વિદ્યા
14. પૂર્વ પ્રાથમિક શિક્ષણ (બાલમંદિરો) /જવાહર બાલ ભવન

## ગ- શાખા

1. ગુજરાત રાજયશાળા સંચાલક મહામંડળના પ્રશ્નોનું સંકલન.
2. ગુજરાત રાજય માધ્યમિક શિક્ષણ સંઘ મહામંડળના પ્રશ્નો/ માંગણીઓ અને તેના સંકલનના પ્રશ્નો
3. ગુજરાત રાજય આચાર્ય સંઘના પ્રશ્નો/ સંકલનની કામગીરી.
4. ગુજરાત રાજય બિન સરકારી માધ્યમિક શાળા વહીવટી સંઘના પ્રશ્નો, તેના સંકલનની કામગીરી.
5. ઉપરના મંડળો/ સંઘો સિવાય જિલ્લા કક્ષાના તે જ પ્રકારના સંઘોના પ્રશ્નો.
6. ઉપર ના મહામંડળો/ સંઘો/ મંડળોના બંધારણ/ માન્યતા /તેના નિયમો લાગુ પાડવા / સુધારવા જેવી બાબતો.
7. બિન સરકારી માધ્યમિક શાળાઓના કર્મચારીઓની રજાઓ/સેવા/નિમણૂંકને લગતી બાબતો.
8. બિન સરકારી માધ્યમિક શાળાઓના કર્મચારીઓ માટેની સામાન્ય ભવિષ્યનિધી યોજના અને તેમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો
9. બિન સરકારી માધ્યમિક શાળામાં સ્ટાફ ભરતી માટે બોર્ડની રચના.
10. બિન સરકારી માધ્યમિક શાળામાંની ગ્રાન્ટને લગતી બાબતો.
11. બિન સરકારી માધ્યમિક શાળાઓના સ્થળ ફેરફાર અંગે.
12. ગ્રાન્ટ કાપ અંગેની કામગીરી.
13. ઉતર બુનિયાદ માધ્યમિક શાળાઓના સામાન્ય પ્રવાહની શાળાઓમાં ફેરવવા અંગે.
14. શિક્ષણ ફી વિષયક બાબતો.
15. આદિજાતી વિસ્તાર તથા બિન આદિજાતી વિસ્તારની નવી બાબતો.
16. રાજયની માધ્યમિક શાળાઓમાં ખેલકૂદ યોજના.
17. રહેમરાહે નોકરી અંગેના કેસો.
18. ટ્રિબ્યુનલના કેસો.
19. બિન સરકારી શાળાઓના હિસાબોના ઓડીટની હંગામી જગાઓ ચાલુ રાખવાની કામગીરી.
20. જન્મતારીખ સુધારવા અંગે.
21. ડુપ્લીકેટ સેવાપોથી.
22. સંગીત-નુત્ય નાટય મહા વિધાલય, રાજકોટ
23. વિદ્યાર્થીઓના પ્રશ્નો અંગે (માધ્યમિક શિક્ષણ)
24. બિનસરકારી માધ્યમિક શાળાઓમાં ભણતી કન્યા માટે હોસ્ટેલ માટે કેન્દ્ર સરકાર તરફથી મળતી સહાય
25. જાપાન સ્ટડી ટુર
26. એમ.એચ.પટેલ ઇન્સ્ટીટ્યુટ અને તેને લગતી બાબતો
27. TAT (Teachers Aptitude Test) અને HMAT (Head Master Aptitude Test)

## ગ-૧ શાખા

1. સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળા :- શિક્ષકોના પ્રશ્નો , શાળાની મંજુરી, સરકારી શાળાનો વહીવટ ખાનગી ટ્રસ્ટને સોંપવા બાબત, શાળાના સ્થળ ફેરફાર, ઉચ્ચતર પગાર ધોરણ, રહેમરાહે નોકરી, તથા રજાઓ મંજુર કરવી, ખાસ એલએક્યુ, કોર્ટકેસ તથા ટ્રીબ્યુનલ કોર્ટ કેસ વગેરે, શિક્ષકોની જગ્યા કરવી/ચાલુ રાખવા બાબત.
2. કલા સંસ્થાઓ :- એ.ટી.ડી. કોલેજ / ફાઈન આર્ટસ કોલેજની મંજુરી, સ્ટાફ મંજુરી, વિધાર્થીઓની બદલી/પ્રવેશ નીતિ વગેરે તથા આ બાબતને લગતા કોર્ટકેસ, એલએક્યુ, અભ્યાસક્રમ સુધારણા, ખાસ પગાર, ઉચ્ચતર પગાર ધોરણ વગેરે.
3. સૈનિક શાળાઓની મંજુરી, ગ્રાન્ટ મંજુર કરવી, ફીના પ્રશ્નો, શાળાના મકાનની જાળવણીના પ્રશ્નો, કોર્ટકેસ, એલએક્યુ વગેરે તથા નિમણૂંકો, સરાસરી હાજરીની તૂટ માફ, અરજી અને સેવા વિષયક બાબતો તથા પગાર વિષયક બાબતો.
4. કેન્દ્રીય શાળાઓને લગતી રાજય સરકારને જણાવવામાં આવતી બાબતો.
5. જવાહર નવોદય વિધાલયને લગતી બાબતો
6. બિન સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ સામાન્ય પ્રવાહ, ઉચ્ચતર ઉતર બુનિયાદ પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, નવી ગ્રાન્ટેબલ શાળાઓની મંજુરી, વર્ગ વધારો - ક્રમિક વર્ગ વધારો, ઉચ્ચતર માધ્યમિક સંઘ/ મહામંડળના પ્રશ્નો, પગાર ધોરણો વગેરે.
7. વ્યવસાયલક્ષી શિક્ષણ :- મંજુરી, ગ્રાન્ટ, નીતિ વિષયક બાબતો, ગ્રાન્ટ રીકવરીની બાબતો, શિક્ષકોના પ્રશ્નો (ફાજલ), ભારત સરકાર તરફથી માંગવવામાં આવતી વિગતો, રાજ્યસભા અને લોકસભાના પ્રશ્નો વિગેરે.
8. સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મદદનીશ શિક્ષક/શિક્ષણ સહાયકોની ભરતીના નિયમો, શિક્ષકોની નિમણૂંક નિયમિત કરવી વગેરે.
9. અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિધાર્થીઓની સરાસરી હાજરીની તુટ માફ કરવી.
10. અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ગ્રાન્ટ કાપને લગતી બાબત.
11. સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, વ્યવસાયલક્ષી શાળાઓ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી શાળાઓના શિક્ષકો, એ.ટી.ડી. અને ફાઇન આર્ટસ કોલેજોના કર્મચારીઓના તબીબી સારવાર ખર્ચની મંજૂરી.
12. રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (RMSA) ની કામગીરી.
13. માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની તમામ શાળાઓને સંલગ્ન ગ્રંથપાલ (Librarian) ને લગતી કામગીરી.

## ગ-૨ શાખા

1. બિન સરકારી માધ્યમિક શાળાઓના વિભાજન / માધ્યમ બદલવા અંગેની કામગીરી.
2. બિન સરકારી માધ્યમિક શાળાઓમાં ચાલતી ગેરરીતિની કામગીરી.
3. શાળાના સંચાલકો દ્વારા થતી ગેરરીતિની કામગીરી.
4. ૧૦૦ ટકા કેન્દ્રીય પુરસ્કૃત યોજના-માધ્યમિક તબક્કે વિકલાંગજનોની સંમલિત શિક્ષણ યોજના IEDSS
5. સ્કાઉટ ગાઇડ યોજના
6. બિનસરકારી માધ્યમિક શાળાઓના કર્મચારીઓના વ્યક્તિગત પગાર ભથ્થાં/પગાર સુધારણાને લગતી બાબતો
7. સામાન્ય ભવિષ્ય નિધીની હંગામી જગ્યાઓ ચાલુ રાખવા બાબત
8. એન.એફ. યોજના અને તે હેઠળની હંગામી જગ્યાઓ ચાલુ રાખવા બાબત
9. જી.પી.એફ. લીંક-ઇન્સ્યોરન્સ યોજના અને તેમાંથી ઉપસ્થિત થતી બાબતો
10. જૂથ વીમા યોજના અને તેમાંથી ઉભી થતી બાબતો
11. બિનસરકારી માધ્યમિક શાળાઓને લાગુ પાડવામાં આવેલ તબીબી સારવારના નિયમો અને તબીબી સારવારના બિલો અંગે સરકારમાં આવતી દરખાસ્તો વગેરે
12. એલ.ટી.સી. અને તેમાંથી ઉભી થતી વ્યક્તિગત અને સામાન્ય બાબતો
13. બિનસરકારી માધ્યમિક શાળાઓમાં બોનસ યોજના અને તેમાંથી ઉભા થતા વ્યક્તિગત સામાન્ય પ્રશ્નો
14. જી.પી.એફ. ખાતાના અન્વેષણ, અહેવાલો, વાંધાઓની બાબત
15. ધોરણ- ૯ થી ૧૦ માં વર્ગ વધારાને લગતી રજુઆતો વગેરે
16. સરેરાશ હાજરીની કામગીરી
17. હાજરીની તૂટ માફ કરવા અંગેની બાબત
18. હિન્દી શિક્ષાવિશારદ માન્યતા આપવા બાબત
19. સીધા પગાર યોજના અને તેમાથી ઉભી થતી બાબતો
20. દિવ્યાંગ બાળકો તથા વિશિષ્ટ શિક્ષકો (Special teacher) ને લગતી કામગીરી
21. બિન સરકારી માધ્યમિક શાળાઓના શિક્ષકોના ચાર્જ એલાઉન્સ બાબત
22. બિન સરકારી માધ્યમિક શાળાઓને કોમ્પ્યુટર સહાય આપવા બાબત.
23. બિન સરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓ તથા નોન ગ્રાન્ટેડ શાળાના કર્મચારીઓના પેન્શનને લગતી કામગીરી બાબત.

## છ શાખા

1. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર/પરીક્ષા વિભાગ વડોદરાને લગતી બાબત.
2. ગુજરાત શાળા પાઠય પુસ્તક મંડળને લગતી કામગીરી બાબત.
3. ગુજરાતી બુનિયાદી શિક્ષણ બોર્ડને લગતી કામગીરી બાબત.
4. નેશનલ મેરીટ લોન સ્કોલરશીપને લગતી કામગીરી બાબત. (માધ્યમિક શાળા પૂરતી), ઇન્સેન્ટીવ ટુલ્સ ફોર સેકન્ડરી એજ્યુકેશન-સ્કોલરશીપ
5. સંસ્કૃત પાઠશાળાને લગતી કામગીરી બાબત.
6. રાજ્યમાં ઓપન સ્કુલો (માધ્યમિક શાળા) શરૂ કરવાને લગતી કામગીરી બાબત.
7. રાજ્યમાં કોઈ ટ્રસ્ટ દ્વારા નોન ગ્રાન્ટેબલ બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને (CBSE/ICSE/અન્ય બોર્ડ)જોડાણ આપવા બાબતની કામગીરીની બાબત.
8. નોન ગ્રાન્ટેડ શાળાઓમાં વર્ગ વધારો
9. ઈન્સ્પાયર એવોર્ડને લગતી કામગીરી
10. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિષયો અંગેની કામગીરી
11. ધોરણ-૧૧/૧૨ ના અભ્યાસક્રમો નક્કી કરવા/મંજુર કરવા
12. ધોરણ- ૧૧/૧૨ ની પ્રવેશ નીતિ નક્કી કરવી
13. ટ્યુશન અને તેને સંલગ્ન બાબતો(માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ).
14. 100 ટકા કેન્દ્રીય પુરસ્કૃત યોજના લઘુમતિ સંસ્થાઓમાં માળખાગત સુવિધાના વિકાસ માટેની કેન્દ્રીય સહાય યોજના IDMI અને લઘુમતિ સંસ્થાઓ બાબત
15. મદરેસા, લઘુમતી શાળા તથા લઘુમતી શાળા ટ્રસ્ટને લગતી બાબત (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ)

## FRC Cell

1. ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ,૨૦૧૭ તથા નિયમો બનાવવા/સુધારા તથા અન્ય બાબત.
2. ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ,૨૦૧૭ હેઠળની આનુષાંગીક બાબતો.
3. અધિનિયમ અને નિયમો ના અનુસંધાનમાં વિભાગને મળતી અરજદારશ્રીની વિવિધ અરજીઓ પરત્વેની કાર્યવાહીની કામગીરી
4. માનનીય મુખ્યમંત્રીશ્રી, માન. મંત્રીશ્રી , MP-MLA સંદર્ભો, તકેદારી આયોગના કેસોને લગતી કમગીરી
5. RTI અધિનિયમ, ૨૦૦૫ હેઠળના કેસોની કામગીરી
6. જાહેર હિસાબી સમિતિ અને ખાતરી સમિતિ અંગેની કાર્યવાહી
7. ફી નિયમન અને રીવિઝન સમિતિના સ્ટાફ/પદાધિકારીની નિમણૂંક, મહેનતાણા અને અન્ય બાબતો ને લગતી કામગીરી
8. અંદાજપત્રની કામગીરી
9. વિધાન સભાના પ્રશ્નો અને વિધાનસભાને લગતી અન્ય બાબતોની કામગીરી
10. કોર્ટ કેસોને લગતી કામગીરી
11. ફી નિયમન સમિતિના ચીફ કો.ઓર્ડિનેટર પાસેથી માંગાવવામાં આવેલ માહિતી સંકલનની કામગીરી.
12. ફી રેગ્યુલેશન એક્ટ હેઠળ ડોનેશન અને તેને સંલગ્ન બાબતો
13. ડોનેશન અને તેને સંલગ્ન બાબતો

## ખ- શાખા

1. તમામ સરકારી કોલેજો માટે શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક જગ્યાઓ મંજુર કરવી તથા તેને ચાલુ રાખવાની કામગીરી
2. સરકારી કોલેજોના આચાર્ય તથા મદદનીશ પ્રાધ્યાપકોના મહેકમને લગતી કામગીરી
3. સરકારી કોલેજો ખાતે આચાર્ય અને મદદનીશ પ્રાધ્યાપકની જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગના પરામર્શમાં સીધી ભરતીથી ભરવા અંગેની કામગીરી
4. સરકારી કોલેજો ખાતે વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા અંગેની કામગીરી
5. નવી સરકારી કોલેજો શરૂ કરવાની કામગીરી
6. સરકારી કોલેજોના મકાન બાંધકામના નકશા અંદાજો મંજુર કરવા અંગેની કામગીરી
7. સરકારી કોલેજોના શૈક્ષણિક કર્મચારી મંડળની કામગીરી
8. સરકારી કોલેજો સંબંધિત બજેટની કામગીરી
9. નેટ-સ્લેટની કામગીરી
10. બિન સરકારી કોલેજોના શૈક્ષણિક કર્મચારીઓ (આચાર્ય સહિત)/બિન શૈક્ષણિક કર્મચારીઓના મહેકમ વિષયક પ્રશ્નોની કામગીરી
11. બિનસરકારી કોલેજોને અનુદાન આપવા અંગેની કામગીરી
12. બિનસરકારી કોલેજોને સંબંધિત નીતિ વિષયક તમામ બાબતોની કામગીરી
13. યુ.જી.સી. મુજબ પગાર ધોરણ સુધારણાની કામગીરી અને યુ.જી.સી. પેકેજ યોજનાની કામગીરી
14. બિનસરકારી કોલેજોના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારી મંડળની કામગીરી (યુનિવર્સિટી સિવાય)
15. બિનસરકારી કોલેજોના નિવૃત્ત પછીના લાભ અંગેની બાબત
16. રીફ્રેશર કોર્સ-ઓરીએન્ટેશન કોર્ષની કામગીરી
17. એન.સી.સી. ની કચેરીને લગતી બજેટ તથા સેવા વિષયક તમામ કામગીરી
18. એન.સી.સી. ની કચેરી માટેની જગ્યાઓ મંજુર કરવા અંગેની કામગીરી
19. સરકારી અને બિનસરકારી અનુદાનિત કોલેજો તેમજ એન.સી.સી.ની કચેરીના મેડીકલ રીએમ્બર્સમેન્ટના કેસોને લગતી કામગીરી
20. સંશોધન અને સાંસ્કૃતિક સંસ્થાઓને લગતી બાબતો જેમાં ૧.સ્પાયસર, અમદાવાદ ૨ સી.એસ.એસ., સુરત ૩. જી.આઇ.ડી.આર., અમદાવાદ ૪. મહર્ષિ વેદવિજ્ઞાન એકેડમી, અમદાવાદ તથા અન્ય સંસ્થાઓ સંબંધિત કામગીરી
21. એન.એસ.એસ. ને લગતી બજેટ તેમજ મહેકમ સંબંધિત કામગીરી
22. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ સંબંધિત બજેટ તેમજ જગ્યાઓ મંજુર કરવા સંબંધિત કામગીરી
23. બિન નિવાસી ભારતીય (NRI) વિદ્યાર્થીઓના પ્રવેશને લગતી કામગીરી
24. IAS કોચીંગ સેન્ટરને લગતી કામગીરી
25. લો કોલેજને લગતી સઘળી કામગીરી

26. ઉચ્ચ શિક્ષણ હેઠળની કૂલ-૦૬ પ્રકારની શિષ્યવૃત્તિઓ સંબંધિત કામગીરી (છ-શાખા મારફત તબદીલીથી મળેલ)
27. મુખ્યમંત્રીશ્રી કન્યા કેળવણી નિધિ સંબંધિત કામગીરી (પ્રાથમિક પ્રભાગ તરફથી તબદીલીથી મળેલ)
28. ઉક્ત મુદ્દાઓ સંબંધિત વિધાનસભા સંલગ્ન, આર.ટી.આઇ., કોર્ટ કેસ, એમ.પી./એમ.એલ.એ. રેફરન્સ, તેમજ કામગીરી
29. ગુજરાતી ભાષાનો વિશ્વકોષ તૈયાર કરવા બાબત રચાયેલ ટ્રસ્ટ તરફથી થયેલ રજુઆતો, ગ્રાન્ટ વગેરેની કામગીરી
30. વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન મેળવવા બાબત
31. ઉચ્ચ શિક્ષણની તમામ સંસ્થાઓને સંલગ્ન ગ્રંથપાલ (Librarian) ને લગતી કામગીરી

## ખ-૧ શાખા

1. સરદાર પટેલ યુનિવર્સિટી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ભાવનગર યુનિવર્સિટી. એમ ત્રણ યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલજોના જોડાણને લગતી કામગીરી
2. આ યુનિવર્સિટીઓના વિસ્તારમાં શરૂ થનાર નવી કોલેજો - નવા અભ્યાસક્રમોને પૂર્વ મંજુરી આપવાની કામગીરી.
3. સંલગ્ન કોલેજોને પ્રથમ વખત અનુદાનપાત્ર ગણવા.
4. સંસ્કૃત વિધાલયો –બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદ દ્વારા લેવાની પરીક્ષાઓને યુનિવર્સિટીની માન્ય પદવી સમકક્ષ ગણવાની કામગીરી.
5. જોડાણ માન્યતાને લગતા ધારાસભ્યશ્રીઓ/ સંસદ સભ્યશ્રીઓ-મંત્રીશ્રીઓ વિગેરે મહાનુભાવોના સંદર્ભોની કામગીરી
6. ભારત સરકારના સંદર્ભો.
7. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી, સરદાર પટેલ યુનિવર્સિટી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, મહારાજ સયાજીરાવ યુનિવર્સિટી, ભાવનગર યુનિવર્સિટી, ઉતર ગુજરાત યુનિવર્સિટી, ડૉ. બાબા સાહેબ આંબેકર ઓપન યુનિવર્સિટી, ઉકત આઠ યુનિવર્સિટી લગતા અધિનિયમો, નિયમો સ્ટેચ્યુટની કામગીરી
8. અપીલો ( ગુજરાત યુનિવર્સિટી પૂરતી જોડાણના વિવાદને સંબંધિત અપીલો અને ગુજરાત યુનિવર્સિટી.સહીત બધીજ યુનિવર્સિટી ઓની, એકેડેમીક કાઉંન્સીલ ટેકનોલોજી કાઉન્સીલ સીન્ડીકેટ /સેનેટ/ કોર્ટમાં સભ્યોની નિમણૂંક અંગેના વિવાદને લગતી અપીલ.)
9. અધિનિયમ / સ્ટેચ્યુટમાંની જોગવાઈઓના અર્થઘટનને લગતી કામગીરી.
10. ધારાસભ્યશ્રીઓ/ સંસદ સભ્યશ્રીઓ/ મા.મંત્રીશ્રીઓવગેરે મહાનુભાવોના સંદર્ભો.
11. ભારત સરકાર, લોક સભા, રાજય સભા, વિધાનસભાને લગતી કામગીરી.
12. બજેટ ની કામગીરી- KCG કચેરી, રૂસા કાર્યક્રમ, સ્કોપ કચેરી
13. કચ્છ યુનિવર્સિટી, સંસ્કૃત યુનિવર્સિટી, પોસ્ટ ગ્રેજયુએટ લેવલ, વર્લ્ડ કલાસ સ્કુલ ઓફ ઈકોનોમીકસની સ્થાપનાને લગતી સેલ્ફ ફાઈનાન્સ ધોરણો, પ્રાઈવેટ યુનિવર્સિટી ની કામગીરી.
14. ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રીબ્યુનલ એક્ટ-૨૦૧૪ ની કામગીરી અને તેનું મહેકમ સેવા વિષયક કામગીરી.
15. ગુજરાત રાજયની જુદી જુદી સાત યુનિવર્સિટીઓ માટે અલગ અલગ અધિનિયમ છે. તેના બદલે બધી યુનિવર્સિટી માટે એક કોમન યુનિવર્સિટી એકટ બનાવવા માટેની સમિતીને લગતી કામગીરી.
16. રાજયની ગ્રામ વિધાપીઠો, જીબીટીસી,બી.એડ., બી.પી.એડ. સંસ્થાઓને માન્યતા આપવાની કામગીરી.
17. રાજયની ગ્રામ વિધાપીઠો અને જીબીટીસી કોલેજોના કર્મચારીઓને અને કર્મચારી મંડળો ને લગતી કામગીરી.
18. ઉતર ગુજરાત યુનિવર્સિટી તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ના વિસ્તારમાં શરૂ થનાર નવી કોલેજો –નવા અભ્યાસક્રમોને પૂર્વ મંજુરી આપવાની કામગીરી.

19. કૃષિ- ગ્રામ વિધાપીઠો, જીબીસીટી વિગેરે અભ્યાસક્રમોને યુનિવર્સિટી ની પદવી સમકક્ષ ગણવાની કામગીરી.
20. કોલેજોમાં ભણતી જુની સ્કીમ મુજબ (૧૯૮૫) કન્યાઓને ફી ભરવામાંથી મુક્તિ અને મફત કન્યા કેળવણીને લગતી કામગીરી.
21. બી.એડને જોડાણ આપવાની કામગીરી
22. ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલની કામગીરી (વિભાગનો તા. ૦૪/૧૦/૨૦૧૭ નો કાર્યાલય આદેશ ક્રમાંક: મકમ/૨૦૧૭/૧૫૬૫/ફ)
23. ઉચ્ચ શિક્ષણની રાજ્ય બહારની ડીગ્રી ગુજરાતમાં માન્ય ગણવા બાબત
24. Gujarat Private University Act & Rules

## ખ-૨ શાખા

1. શિક્ષણ વિભાગ હસ્તકની તમામ યુનિવર્સિટીઓને અનુદાન (ગ્રાન્ટ) અંગેની કામગીરી
2. ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ, એમ.એસ.યુનિવર્સિટી વડોદરા,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ, વીરનર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભવિધાનગર, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ,મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સિટી ભાવનગર, ડૉ.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ, ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી ભુજ, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ, ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગર,ઇન્ડિયન ઇસ્ટિટયુટ ઓફ ટીચર્સ એજયુકેશન ગાંધીનગર, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જુનાગઢ, ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરાના શૈક્ષણિક/બિન શૈક્ષણિક કર્મચારીઓના પ્રશ્નો અને ઉકત યુનિવર્સિટીઓને લગતી મહેકમ વિષયક બાબતો.
3. અનામત અંગેના સા.વ.વિ./સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફથી બહાર પાડવામાં આવતા હુકમો યુનિવર્સિટીઓને લાગુ કરવા બાબત.
4. તમામ યુનિવર્સિટીઓના શૈક્ષણિક મંડળોને લગતી કામગીરી.
5. જોઇન્ટ બોર્ડ ઓફ વાઇસ ચાન્સેલર્સની બેઠક અંગેની કામગીરી.
6. યુજીસીની ડી.એસ.એ.યોજનાઓ સહિત પંચવર્ષિય યોજના હેઠળના વિકાસ કાર્યક્રમ અંગેની તમામ યુનિવર્સિટીઓની કામગીરી.
7. તમામ યુનિવર્સિટીઓના વાઇસ ચાન્સેલર/પ્રો વાઇસ ચાન્સેલરની નિમણુંક તેમજ યુનિવર્સિટીઓની સિન્ડીકેટ, સેનેટમાં રાજય સરકાર દ્વારા કરવામાં આવતી નિમણુંક અને તેમને લગતી મહેકમ વિષયક તમામ બાબતો.
8. યુનિવર્સિટીઓના બિન શૈક્ષણિક કર્મચારીઓ માટેની પેન્શન યોજના.
9. યુનિવર્સિટીઓના કર્મચારીઓને નિવૃતિ પછીના લાભો અંગેની બાબત.
10. કોર્ટકેસોની કામગીરી.
11. વિધાનસભા, લોકસભા, રાજયસભાને લગતી કામગીરી
12. ભારત સરકારના સંદર્ભો.
13. ધારાસભ્યશ્રીઓ/સંસદ સભ્યશ્રીઓ/મા.મંત્રીશ્રીઓ વગેરે મહાનુભાવોના સંદર્ભો.
14. તમામ સરકારી યુનિવર્સિટીઓના મેડીકલ રીએમ્બર્સમેન્ટના કેસોને લગતી કામગીરી.
15. વાઇસ ચાન્સેલર (VC) / અન્ય યુનિવર્સિટીના અધિકારીઓ/ પદાધિકારીઓ સામેની તપાસો.
16. યુનિવર્સિટીના અધિકારીઓએ સામેની ફરિયાદ/તપાસની કામગીરી.

## ધ શાખા

1. સરકારી પોલીટેકનીક કોલેજોના આચાર્ય, ખાતાના વડા (વર્ગ-૧) તથા વ્યાખ્યાતા વર્ગ-૨ નુ સેવા વિષયક સંપૂર્ણ મહેકમ (સીધી ભરતી, બઢતી, બદલી સહિત)
2. સરકારી ઇજનેરી કોલેજોના આચાર્ય, પ્રાધ્યાપક, સહ-પ્રાધ્યાપક (વર્ગ-૧) તથા સહાયક પ્રાધ્યાપક (વર્ગ-૨) નું સંપૂર્ણ મહેકમ (સીધી ભરતી, બઢતી, બદલી સહિત)
3. સરકારી ઇજનેરી કોલેજોના વર્ગ-૩ થી ૪ નું નિયામકશ્રી/કમિશનરશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરીની સત્તામાં ન હોય તેવું મહેકમ
4. સરકારી ફાર્મસી કોલેજો (ડીગ્રી/ડીપ્લોમા) નું વર્ગ-૧ થી ૪ નું સંપૂર્ણ મહેકમ (સીધી ભરતી, બઢતી, બદલી સહિત)
5. સરકારી ટેકનિકલ હાઇસ્કૂલો વર્ગ-૧ થી ૪ નું મહેકમ
6. નિયામકશ્રી/કમિશનરશ્રી, ટેકનિકલ શિક્ષણ કચેરીનું વર્ગ-૧ થી ૪ નું મહેકમ (સીધી ભરતી, બઢતી, બદલી સહિત)
7. ટેકનિકલ પરીક્ષા બોર્ડના વર્ગ-૧ થી ૪ ના અધિકારીઓ/કર્મચારીઓનું મહેકમ
8. ઉક્ત તમામ સંવર્ગોને લગતા કોર્ટ કેસ, તકેદારી આયોગને લગતા કે ટ્રીબ્યુનલને લગતા કેસો, આર.ટી.આઇ., સીધી ભરતી, બઢતી, બદલી, ભરતી નિયમો, વિધાનસભાને લગતી કામગીરી સહિતની તમામ સેવા વિષયક બાબતો.
9. સરકારી ઇજનેરી કોલેજો, પોલીટેકનીક સંસ્થાઓમાં હંગામી જગ્યાઓ ચાલુ રાખવા બાબત

## સ શાખા

1. નવી પોલીટેકનીક/ડીગ્રી ઇજનેરી કોલેજો શરૂ કરવા બાબત
2. બજેટ સંબંધિત કામગીરી, ટેકનિકલ શિક્ષણને લગતી નવી, ચાલુ અને સુધારેલી વહીવટી બાબતો
3. પ્રાઇવેટ યુનિવર્સિટીની ટેકનિકલ સંસ્થાઓ બાબત, એસ.વી.એન.આઇ.ટી. અને રાષ્ટ્રીય કક્ષાના સંસ્થાનો જેવા કે, IIT, IIM બાબત
4. બિન સરકારી તાંત્રિક શિક્ષણની શૈક્ષણિક સંસ્થાઓના કર્મચારી વર્ગ માટે બોનસ, રજાનું રોકડમાં રૂપાંતર, રજા પ્રવાસ, મેડીકલ રીએમ્બર્સમેન્ટ તથા જી.પી.એફ., સી.પી.એફ., વિદેશ પ્રવાસ બાબત
5. મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના
6. ઇજનેરી કોલેજો અને પોલીટેકનીકના પ્રવેશ નિયમો, ફાર્મસી, એમ.બી.એ., એમ.સી.એ., એમ.ઇ., હોટેલ મેનેજમેન્ટના પ્રવેશ નિયમો. પ્રાઇવેટ યુનિવર્સિટીના ટેકનિકલ અભ્યાસક્રમોના પ્રવેશ નિયમો, બેઠકોમાં ફેરફાર અંગે અને ટેકનિકલ અભ્યાસક્રમોની ફીના ધોરણો નક્કી કરવા તેમજ ફી નિયમન સમિતિની રચના
7. રાજ્યની સરકારી અને સ્વ-નિર્ભર ઇજનેરી કોલેજો અને પોલીટેકનીકના નવા અભ્યાસક્રમો શરૂ કરવા, હયાત બેઠકો વધારવા, ઘટાડવા, સંસ્થાઓના નામ બદલવા, NOC આપવા બાબત
8. ઇજનેરી કોલેજો અને પોલીટેકનીકના વિદ્યાર્થીઓની સંસ્થા બદલી
9. સ્વ નિર્ભર સંસ્થાઓનું GTU સાથે જોડાણ, GTU નું મહેકમ, રજીસ્ટ્રાર તથા કુલપતિશ્રીની નિમણૂક, વિદેશપ્રવાસ, IITRAM નું મહેકમ
10. તાંત્રિક શિક્ષણ બોર્ડની પુનઃરચના અને ઇન્સ્ટીટ્યુટ લાયકાત બોર્ડની પુનઃરચના
11. બિન સરકારી ઇજનેરી કોલેજો/પોલીટેકનીકોનું મોનીટરીંગ
12. ઓડિટ પારા (મહેકમ સિવાય), સરકારી તેમજ અનુદાનિત સંસ્થાઓના PLA Account ખોલવા બાબત
13. ટેબ્લેટ યોજના અંગેના ઠરાવો અને વિતરણ, સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ એન્ડ ઇનોવેશન (SSIP), આઇ.ટી. સમિતિ શિક્ષણ વિભાગ
14. ઇજનેરી કોલેજ, પોલીટેકનીકની સલાહકાર સમિતી, અભ્યાસક્રમ સુધારણા સમિતી વગેરેને લગતી કામગીરી
15. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY) અંતર્ગત ઠરાવો (MBBS અને BDS તેમજ ટેકનિકલ શિક્ષણના વિદ્યાર્થીઓની MYSY ની રજૂઆતો)

16. સરકારી, અનુદાનિત તેમજ સ્વનિર્ભર ઇજનેરી કોલેજો, પોલીટેકનીક સંસ્થાઓ, ટેકનિકલ સંસ્થાઓના વિદ્યાર્થીઓને લગતા ફી, રજીસ્ટ્રેશન, ડીપોઝીટ પરત મેળવવા માટેના પ્રશ્નો/રજૂઆતો/ફરિયાદો
17. પરીક્ષા દરમિયાનની ગેરરીતિઓ ડામવા માટેના પેનલ્ટી કોડ
18. ગુજરાત કાઉન્સીલ ઓન ટેકનીકલની પુનઃરચના
19. ગુજકોસ્ટની મહેકમ વિષયક બાબતો, યોજનાઓ, નવી બાબતો (નીટ)
20. રીમોટ સેન્સીંગની ગવર્નિંગ બોડીને લગતી બાબતો અને મહેકમ બજેટને લગતી બાબત
21. IITRAM, IIT વડોદરા તેમજ IIT સુરત તથા PPP ધોરણે ચાલતી ટેકનિકલ શિક્ષણ સંસ્થાઓ બાબત
22. તાંત્રિક પરીક્ષા બોર્ડ (T.E.B.) ને લગતી સંસ્થાઓ અને અભ્યાસક્રમોને લગતી બાબતો (મહેકમ સિવાય)
23. પોલીટેકનીકો અને સરકારી ઇજનેરી કોલેજોના મહેકમના Re-Structuring બાબત
24. સરકારી ઇજનેરી કોલેજો/પોલીટેકનીકો/વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરો/GTU ની જમીન, હોસ્ટેલ, દાન, ટેન્ડર ફી, બાંધકામ, બાંધકામની વહીવટી મંજૂરી અંગેની તમામ બાબતો
25. ફુડ ક્રાઇટ ઇન્સ્ટીટ્યુટ અને બિનસરકારી તાંત્રિક શિક્ષણને લગતી બાબતો
26. વિજ્ઞાન શિક્ષણ
27. વેસ્ટર્ન રીજીયોનલ સેન્ટરને લગતી મીટીંગો બાબત
28. સાયન્સ ટેકનોલોજી સેલને લગતી કામગીરી
29. ટેકનોલોજીકલ સંસ્થાઓને લગતી કામગીરી
30. આર્કિટેક્ચરને લગતી કામગીરી
31. ટેકનિકલ શિક્ષણની રાજ્ય બહારની ડીગ્રી ગુજરાતમાં માન્ય ગણવા બાબત

## લ શાખા

1. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભલામણ કરાયેલ ગુજરાત શિક્ષણ સેવા વર્ગ -૧ અને વર્ગ - ૨ તેમજ શ્રેયાન અધિક્ષક વર્ગ - ૨ અને કનિયાન અધિક્ષક વર્ગ - ૨ સીધી ભરતીથી નિમણૂંકની તમામ કામગીરી.
2. ગુજરાત શિક્ષણ સેવા વર્ગ -૧ અને વર્ગ - ૨ શ્રેયાન અધિક્ષક વર્ગ - ૨ અને કનિયાન અધિક્ષક વર્ગ - ૨ અધિકારીઓની બઢતી અંગેની કામગીરી.
3. ગુજરાત શિક્ષણ સેવા વર્ગ -૧ ( નિયામક , સંયુક્ત નિયામક, નાયબ નિયામક તથા જિલ્લા શિક્ષણાધિકારી ) ના સંવર્ગોના અધિકારીઓની બદલીઓની તેમજ બઢતી અને બદલીથી નિમણૂંકની તમામ કામગીરી.
4. ગુજરાત શિક્ષણ સેવા વર્ગ -૧ ( નિયામક , સંયુક્ત નિયામક, નાયબ નિયામક તથા જિલ્લા શિક્ષણાધિકારી ) અને વર્ગ -૨ તેમજ શ્રેયાન અધિક્ષક વર્ગ - ૨ અને કનિયાન અધિક્ષક વર્ગ - ૨, ઓડિટર (ગૃપ-૨) વર્ગ-3 સંવર્ગોની જગ્યાઓના ભરતી નિયમોને લગતી (નિયમો ઘડવા, સુધારા કરવા, ફેરફાર કરવા વગેરે) તમામ કામગીરી.
5. ગુજરાત શિક્ષણ સેવા વર્ગ - ૧ ( નિયામક, સંયુક્ત નિયામક, નાયબ નિયામક તથા જિલ્લા શિક્ષણાધિકારી) સંવર્ગોના અધિકારીઓની કામચલાઉ અને આખરી શ્રેયાન યાદીઓ બહાર પાડવાની તમામ કામગીરી.
6. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ગુજરાત શિક્ષણ સેવા વર્ગ – ૧ ના (નિયામક, સંયુક્ત નિયામક, નાયબ નિયામક તથા જિલ્લા શિક્ષણાધિકારી ) અધિકારીઓ ૫૦-૫૫ વર્ષની વચ્ચે પહોંચતા સમીક્ષા કરવા અંગેની તમામ કામગીરી.
7. કમિશનર શાળા હસ્તકની વર્ગ – ૩ ની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને માંગણી પત્રક મોકલવા અને વર્ગ-૩ ની જગ્યા પરના કર્મચારીઓને બઢતી આપવા માટે વહીવટી મંજૂરી આપવી.
8. કમિશનર શાળા હસ્તકના મહેકમને લગતી બજેટ સંબંધિત તમામ કામગીરી.
9. ડીમ્ડ ડેઈટ મંજૂર કરવાની કામગીરી. (ગુજરાત શિક્ષણ સેવા વર્ગ ૧-૨)
10. ખાસ પ્રતિક્ષા સમય મંજુર કરવાની કામગીરી. (ગુજરાત શિક્ષણ સેવા વર્ગ ૧-૨)
11. ચાર્જ એલાઉન્સ મંજુર કરવાની કામગીરી. (ગુજરાત શિક્ષણ સેવા વર્ગ ૧-૨)
12. પગાર વિસંગતતા-બાંધણી બાબત. (ગુજરાત શિક્ષણ સેવા વર્ગ ૧-૨)

13. ખાતાકીય પરીક્ષાઓને લગતી કામગીરી. (ગુજરાત શિક્ષણ સેવા વર્ગ ૧-૨)

14. તબીબી સારવારના ખર્ચને ખાસ કિસ્સામાં મંજૂર કરવાની કામગીરી. (ગુજરાત શિક્ષણ સેવા વર્ગ ૧-૨).

15. કોર્ટકેસો ને લગતી બાબતોની કામગીરી. (ગુજરાત શિક્ષણ સેવા વર્ગ ૧-૨).

16. વર્ગ – ૧ અને વર્ગ -૨ ના અધિકારીઓના મંડળોની રજૂઆત, પ્રશ્નોની કામગીરી. (ગુજરાત શિક્ષણ સેવા વર્ગ ૧-૨)

17. ગુજરાત શિક્ષણ સેવા વર્ગ ૧-૨ નાં અધિકારીઓના પેન્શનની, નિવૃતી બાદના લાભો, હક્ક રજાઓ, ખાસ રજાઓ, ખાનગી અહેવાલની, જી.પી.ફંડની, ઉચ્ચતર પગાર ધોરણ, કોર્ટ કેસોને લગતી કામગીરી તેમજ એક્શન પ્લાનની, લોકસભા, વિધાનસભા તારાંકિત-અતારાંકિત પ્રશ્નોની, શાખાની સંકલન, માસીક તારીજો, પરચુરણ તમામ બાબતોની કામગીરી.

## ઇ- શાખા

1. વિભાગ ના વર્ગ-૧ થી વર્ગ-૪ સુધીના તમામ કર્મચારીઓ – અધિકારીઓ સામેની ખાતાકીય તપાસ ની બાબતો.
2. શિક્ષણ વિભાગ હસ્તકના ખાતાના વડાઓની કચેરીઓ તથા તે હસ્તકની કચેરીમાં શિક્ષણ સંવર્ગ વર્ગ-૧ અને વર્ગ-૨ ના તમામ અધિકારીઓ સામેની પ્રાથમિક તપાસની બાબતો
3. શિક્ષણ વિભાગ હસ્તકના ખાતાના વડાની કચેરીઓ તથા તે હસ્તકની કચેરીઓના શિક્ષણ સંવર્ગ વર્ગ-૧ તથા વર્ગ-૨ તમામ અધિકારીઓ સામેની ખાતાકીય તપાસની બાબતો.
4. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ તથા વિભાગ હસ્તકના તમામ બોર્ડના શિક્ષણ સંવર્ગ વર્ગ-૧ તથા વર્ગ-૨ અધિકારીઓ સામેની પ્રાથમિક તેમજ ખાતાકીય તપાસ અંગેની બાબતો.
5. શિક્ષણ વિભાગ તથા વિભાગ હસ્તકની કચેરીઓના તમામ અધિકારીઓ- કર્મચારીઓની ફરજ મોકુફીની બાબત, તેની સમીક્ષા બાબત, નિર્વાહ ભથ્થું તથા પુનઃ સ્થાપનાની બાબતો.
6. ઉપરોકત તમામ કચેરીઓના અધિકારીઓ – કર્મચારીઓના લાંચરૂશ્વત સંડોવણીની બાબતોમાં ફોજદારી કાર્યવાહીની બાબતો.
7. તકેદારી આયોગ તરફથી શિક્ષણ સંવર્ગ વર્ગ-૧ તથા વર્ગ-૨ અધિકારીઓની ગેરરીતિ, ભ્રષ્ટાચાર તેમજ અન્ય બાબતોમાં થતી તમામ પ્રકારની ભલામણો તથા તપાસ અંગેની તમામ કામગીરી.
8. ખાતાકીય તપાસનાં કેસોમાં લોક અદાલત જેવી પધ્ધતિ દાખલ કરવાની તમામ કામગીરી.
9. તકેદારી આયોગ તરફથી યોજાતી વાર્ષિક સમિક્ષા બેઠકમાં પ્રાથમિક તપાસ, ખાતાકીય તપાસ, ફોજદારી કેસોની બાબતોની તમામ તૈયારી તથા તે અંગેની બેઠકની સંપૂર્ણ કામગીરી હાથ ધરવી તથા તે અંગેની સંપૂર્ણ વિગતો સહ ફોલ્ડરો તૈયાર કરવા.
10. તકેદારી આયોગ સાથેની વાર્ષિક સમિક્ષા બેઠકો સિવાયની અવાર – નવાર યોજવામાં આવતી અન્ય સમીક્ષા બેઠકો હાથ ધરવાની કામગીરી.
11. તકેદારી આયોગને દર ત્રણ માસે મોકલવામાં આવતા ત્રિમાસીક અહીવાલની તમામ કામગીરી.
12. સતત તકેદારી સલ, સા.વ.વિ ની શિક્ષણ વિભાગને લગતી તમામ કામગીરી.
13. સા.વ.વિ. ને દર માસે મોકલવાની થતી માસિક પ્રગતિ અહેવાલની તમામ કામગીરી.
14. સા.વ.વિ. તરફથી દર માસે યોજાતી સમીક્ષા બેઠકની તમામ કામગીરી.
15. ગૃહ વિભાગ, ગુજરાત તકેદારી આયોગ તથા ગુજરાત જાહેર સેવા આયોગ સાથેના પરામર્શના કેસોની બાબત.
16. ખાતાકીય તપાસનાં કેસોમાં નિવૃત અધિકારીઓની પેનલમાંથી તપાસ અધિકારી, રજૂઆત અધિકારી તેમજ આરોપનાંમુ ઘડનાર અધિકારીઓની નિમણૂંક માંડી મહેનતાણાની ચુકવણી કરવા સુધીની તમામ કામગીરી.
17. વાર્ષિક એકશન પ્લાનમાં સમાવિષ્ટ મુદ્રા નં. ૪ અને ૫ બાબતે પ્રાથમિક તેમજ ખાતાકીય તપાસ નાં લક્ષ્યાંકો નકકી કરી, તે સિધ્ધ કરવાની બાબતો.
18. માન. મુખ્યમંત્રીશ્રીના પરિવર્તન સેલ, ફરીયાદ એકમ અને જનસંપર્ક એકમ તરફથી શાખામાં આવતા શિક્ષણ સંવર્ગ વર્ગ-૧ તથા વર્ગ-૨ અધિકારીઓના સંદર્ભોની કામગીરી.
19. ગુહ વિભાગના સ્વયંસંચાલિત ફરીયાદ એકમ તરફથી શાખામાં મળતી શિક્ષણ સંવર્ગ વર્ગ-૧ તથા વર્ગ-૨ અધિકારીઓની ફરીયાદોની કામગીરી
20. સામાન્ય વહીવટી વિભાગ ને માર્ચ અને સપ્ટેમ્બર અંતિત મોકલવાના પત્રકોની માહિતી મોકલવાની કામગીરી.

## ઇ-૧ શાખા

1. ટેકનિકલ શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર હેઠળની સરકારી પોલીટેકનીકો/ફાર્મસી કોલેજો/ઈજનેરી કોલેજો/ટેકનિકલ હાઈસ્કૂલોના અધિકારીઓ (વર્ગ-૧/૨) વિરૂદ્ધની પ્રાથમિક તપાસની કામગીરી.
2. ટેકનિકલ શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગર હેઠળની સરકારી પોલીટેકનીકો/ફાર્મસી કોલેજો/ઈજનેરી કોલેજો/ટેકનિકલ હાઈસ્કૂલોના અધિકારીઓ (વર્ગ-૧/૨) વિરૂદ્ધની ખાતાકીય તપાસની કામગીરી.
3. ટેકનિકલ શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગરના અધિકારીઓ (વર્ગ-૧/૨) વિરૂદ્ધની પ્રાથમિક તપાસની બાબત.
4. ટેકનિકલ શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગરના અધિકારીઓ (વર્ગ-૧/૨) વિરૂદ્ધની ખાતાકીય તપાસની બાબત.
5. ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગરના તાબા હેઠળની સરકારી કોલેજોના વ્યાખ્યાતાઓ/મદદનીશ પ્રાધ્યાપકો/સહ પ્રાધ્યાપકો/પ્રાધ્યાપકો/આચાર્ય (ગુજરાત શિક્ષણ સેવા સંવર્ગ, કોલેજ શાખા, વર્ગ-૧/૨) વિરૂદ્ધની પ્રાથમિક તપાસની કામગીરી.
6. ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરી, ગાંધીનગરના તાબા હેઠળની સરકારી કોલેજોના વ્યાખ્યાતાઓ/મદદનીશ પ્રાધ્યાપકો/સહપ્રાધ્યાપકો/પ્રાધ્યાપકો/આચાર્ય (ગુજરાત શિક્ષણ સેવા સંવર્ગ, કોલેજ શાખા, વર્ગ-૧/૨) વિરૂદ્ધની ખાતાકીય તપાસની કામગીરી.
7. ઉક્ત ક્રમાંક-૧ થી ૬માં દર્શાવેલ અધિકારીઓની ફરજમોકૂફીની બાબત, સમીક્ષા બાબત, નિર્વાહ ભથ્થુ, પુન:સ્થાપનની કામગીરી.
8. ઉક્ત ક્રમાંક-૧ થી ૬માં દર્શાવેલ અધિકારીઓની લાંચ રૂશ્વત સંડોવણીની બાબતોમાં તેઓ વિરૂદ્ધ ફોજદારી કાર્યવાહીની મંજૂરી અંગેની કામગીરી.
9. ઉક્ત ક્રમાંક-૧ થી ૬માં દર્શાવેલ અધિકારીઓ સંદર્ભમાં તકેદારી આયોગ તરફથી ગેરરીતિ/ભ્રષ્ટાચાર તેમજ અન્ય બાબતોમાં મળતી તમામ પ્રકારની ભલામણ અને તે અંગેની તપાસની કામગીરી.
10. સામાન્ય વહીવટ વિભાગને મોકલવના થતા પ્રગતિ અહેવાલની કામગીરી.
11. સામાન્ય વહીવટ વિભાગ તરફથી પ્રાથમિક તપાસ/ખાતાકીય તપાસ સંબંધમાં યોજાતી સમીક્ષા બેઠકની આ શાખાને સંબંધિત કામગીરી.
12. ગૃહ વિભાગ, ગુજરાત તકેદારે આયોગ તથા ગુજરાત જાહેર સેવા આયોગ સાથે કરવાના થતાં પરામર્શના કેસોની કામગીરી.

## ફ શાખા

### વિભાગના વર્ગ-૧ થી ૪ ના અધિકારીઓ/કર્મચારીઓ અંગેની

1. ખાસ કિસ્સાના મેડીકલ બીલો
2. અધિકારીઓ વચ્ચે ચાર્જ સોંપણી અંગેની બાબતો
3. શાખા બદલીઓ
4. ઉચ્ચતર પગાર ધોરણ/પગાર બાંધણી
5. ખાનગી અહેવાલ
6. આંતર વિભાગીય બદલીઓ
7. ૫૦-૫૫ વર્ષે અધિકારીઓ-કર્મચારીઓની સમીક્ષાની બાબતો
8. કર્મચારીઓના હવાલા ભથ્થા
9. સામાન્ય વહીવટ વિભાગને સમયાંતરે મોકલવાના પત્રકો
10. સામાન્ય ભવિષ્ય નિધિ-ઉપાડ-પેશગી-આખરી ઉપાડ વગેરે
11. સેવા અંગેના પ્રમાણપત્રો
12. રોજમદારોની સેવાઓ લેવા બાબત
13. મકાન બાંધકામ પેશગી તથા તેના નંબરની જાણ કરવા અંગે
14. વર્ગ-૪ નું વિભાગ ખુદનું મહેકમ
15. સામાન્ય ભવિષ્યનિધિમાં ખાતા ખોલાવવા તથા નોમીનેશન વગેરે
16. શાખા નિરીક્ષણના કાર્યક્રમ
17. વય નિવૃત્તિ-સ્વૈછિક નિવૃત્તિના પેન્શન કેસો
18. સ્પીપા ખાતેની તાલીમો
19. પ્રતિનિયુક્તિની બોલીઓ અને શરતો નક્કી કરવાની બાબતો
20. હિન્દી-ગુજરાતી-અંગ્રેજી ભાષાના તાલીમ વર્ગો
21. જૂથ વીમા યોજનાની કામગીરી
22. કર્મચારીઓની રમતગમતની પ્રવૃત્તિઓ
23. વિભાગના અધિકારીઓ-કર્મચારીઓની તમામ પ્રકારની રજાઓ મંજુર કરવાની બાબતો
24. અલ્પાહાર, ભોજન, ચા-કોફીના વિભાગના તેમજ માનનીય મંત્રીશ્રીઓના બીલો
25. રજાઓનું રોકડમાં રૂપાંતર
26. રજા પ્રવાસ રાહત તથા વતન પ્રવાસ રાહત
27. વિભાગની સરકારી મોટરકાર રીપેરીંગના બીલો-પેટ્રોલ બીલો

28. તમામ ખર્ચના ઉચ્ચક બીલો

29. રજા પ્રવાસ ભથ્થાંની ચુકવણીઓ અને પેશગીઓ

30. વાહન પેશગી અંગેની કામગીરી અને તેના ખાતાની જાણ કરવા અંગે

31. પંખા અને સાયકલ પેશગીઓ

32. તબીબી ભથ્થાના વિકલ્પ સ્વીકારવાની કામગીરી

33. ટેલિફોન અને ટેલીફોનની યાદીઓ અંગે

34. એર ટિકિટ કેન્સલેશન

35. પરચૂરણ રજાની કામગીરી

36. પાસપોર્ટની કામગીરી

37. વિભાગના અધિકારીઓ-કર્મચારીઓને તાલીમ

38. વિભાગના એકોમોડેશન બાબત

39. વર્ગ-૪ ના ગણવેશ અંગેની કામગીરી

40. સ્ટોર્સને લગતી કામગીરી

41. વિભાગની કામગીરી માટે નોડલ અધિકારીઓની નિમણૂંક

42. ઓચિંતા નિરીક્ષણની કામગીરી

43. કોમ્પ્યુટરની ખરીદી અને તેની જાળવણી

44. ખુદ શિક્ષણ વિભાગની વ્યવસ્થા અને કાર્યરીતિને લગતી બાબતો

45. વિભાગની તમામ શાખાના વિષયોની ફાળવણી

# ૨ શાખા

રોસ્ટર

1. શિક્ષણ વિભાગ હેઠળની ખાતાના વડાની કચેરીઓ,ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓ, યુનિવર્સીટીઓ વગેરેમાં અનામત/રોસ્ટરના અમલ અંગે આવેલ રજુઆતો અંગેની કામગીરી.
2. વિભાગ હેઠળના ખાતાના વડાઓના કચેરી,જિલ્લા કક્ષાએ આવેલ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીઓ, યુનિવર્સીટીઓ વગેરેના તમામ સંવર્ગોના રોસ્ટર રજીસ્ટોરો પ્રમાણિત કરવાની અને તેને સંબંધિત કામગીરી.
3. અનુ.જાતિ/જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના હિત માટે રચાયેલ મંડળો, તથા આયોગ દ્વારા આનામત-રોસ્ટર અંગે થતી રજુઆત બાબતની કામગીરી.
4. ઉપર્યુક્ત જાતિઓને સંબંધિત અનામત-રોસ્ટર અંગે (૧)સા.ન્યા.અધિકારીતા વિભાગ (૨) આદિજાતી વિભાગ અને સા.વ.વિ દ્વારા સતત માંગવામાં આવતા પ્રગતિ અહેવાલો/માહીતીઓ અંગેની કામગીરી.
5. શિક્ષણ વિભાગ સંબંધિત વિવિધ સંવર્ગોમાં અનામત-રોસ્ટર બાબતે વિધાનસભા/ લોકસભા દ્વારા પૂછાયેલ પ્રશ્નો અંગેની કામગીરી.
6. ભારત સરકારના અનુ.જાતિ/જનજાતિ રાષ્ટ્રીય આયોગના વર્ષમાં જુદા જુદા આવતા અનામત-રોસ્ટર અંગેના અહેવાલો તે અંગેની ભલામણો અને તે સામે લીધેલ પગલાંઓ બાબતે માંગેલ માહિતી વિભાગ હેઠળના તાબાની કચેરીઓ/ સંસ્થાઓ પાસેથી એકઠી કરી સંકલિત માહિતી/અહેવાલો સંબંધિતોને પુરા પાડવાની કામગીરી.
7. અનુ.જાતિ/અનુ.જનજાતિ તેમજ સા.શૈ.પ. વર્ગ માટેની ગુજરાત વિધાનસભાની સમિતિઓ સમક્ષના અનામત-રોસ્ટર અંગેના પ્રશ્નો અને તેને લગતી કામગીરી.
8. અનુ.જાતિ/અનુ.જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોના બેકલોગ પૂર્ણ કરવાની ઝુંબેશ અન્વયે સતત યોજવામાં આવતી મીટીંગો અને તે અંગેની કામગીરી.
9. "કોપી રાઈટ" ની બાબત.
10. ગુજરાત જોડણી સુધારણાની રચાયેલ સમિતી દ્વારા થતી રજુઆત અંગેની કામગીરી
11. અશક્તતા નિવારણ અધિનિયમ અંગેની બાબતો

મધ્યાહ્ન ભોજન યોજના

1. મધ્યાહ્ન ભોજન યોજનાને લગતી તમામ કામગીરી જેમાં .
2. મધ્યાહ્ન ભોજન યોજનાની કચેરીની હંગામી જગ્યાઓ તેમજ કમિ.શ્રીની જગ્યા ચાલુ રાખવા બાબત.
3. મધ્યાહ્ન ભોજન યોજના હેઠળ જિલ્લા કક્ષાએ મહેકમ બાબત...
4. મધ્યાહ્ન ભોજન યોજનાની કચેરીની મિટીંગોના ખર્ચની મંજુરી.
5. કમિ.શ્રી મધ્યાહ્ન ભોજન યોજનાની કચેરીની તેમજ જિલ્લાઓની ગાડીઓની મંજુરી.

6. કમિશ્નરશ્રીની ગાડીની મંજુરી.
7. કમિ.શ્રી/ નાયબ કમિ.શ્રીના નીવાસ સ્થાને ટેલીફોન બાબત.
8. મધ્યાહન ભોજન યોજનાના વાસણ ખરીદવા બાબત.
9. મધ્યાહન ભોજન યોજના જિલ્લાઓમાં કિચનશેડ બનાવવા બાબત.
10. અન્ન ત્રિવેણી યોજનાના અમલીકરણની બાબતો.
11. મધ્યાહન ભોજન યોજના ગ્રામ્ય કક્ષાની મોનીટરીંગ સમિતીની રચના કરવા બાબત.
12. મધ્યાહન ભોજન યોજના રાજ્ય કક્ષાની મોનીટરીંગ સમિતિ (SMC) ની રચના કરવા બાબત.
13. મધ્યાહન ભોજન યોજના જિલ્લા કક્ષાની મોનીટરીંગ સમિતિ (SMC) ની રચના કરવા બાબત.
14. મધ્યાહન ભોજન યોજનાને લગતા તમામ કોર્ટ કેસો.
15. બાળનિધી બાબત.
16. ભારત સરકાર તરફથી સુચના મળ્યા બાદ માનદ વેતન ધારકોના કુકીંગ કોસ્ટ વધારવા અંગેની બાબત.
17. રાજયના અલગ અલગ વિસ્તારો માટે આ યોજનાના સંચાલન માટે ટેન્ડર તથા એમ.ઓ.યુ ની શરતો નિયત કરવા બાબત.
18. આ યોજનાને લગતા તારાંકિત પ્રશ્નો/અતારાંકિત પ્રશ્નો, વિધાનસભા ખાતરીઓ બાબત.
19. ગુજરાત નાગરિક પુરવઠા નિગમના હેન્ડલીંગ ચાર્જીસ બિલો ખરીદી બાબત.
20. મધ્યાહન ભોજન યોજનાને લગતી તમામ અરજીઓ પ્રેસ કટિંગ્સ, ખાતાકીય તપાસ, કોર્ટકેસો, જનસંપર્ક એકમ, એમએલએ/ એમ.પી.સ્વયંસંચાલીત એકમ અરજદારની સૂચનાઓ, RTI.
21. મધ્યાહન ભોજન યોજનાની સ્કીમો બાબત.
22. તિથિ ભોજન બાબત

## વ(બજેટ) શાખા

1. બિન આદિજાતિ (જનરલ) મહેસૂલી/મૂડી સદરે માંગણી નં. ૮,૯,૧૦ હેઠળ સ્થાયી ખર્ચના અંદાજો, ચાલુ બાબત, નવી બાબત,આવકના અંદાજો તથા સુધારેલ અંદાજો નાણા વિભાગને ઓનલાઈન મોકલી આપવા બાબત
2. ખાસ અંગભૂત યોજના(SCSP) મહેસૂલી/મૂડી સદરે માંગણી નં. ૯૫ હેઠળ ચાલુ બાબત, નવી બાબત તથા સુધારેલ અંદાજો નાણા વિભાગને ઓનલાઈન મોકલી આપવા બાબત
3. આદિજાતિ વિસ્તાર પેટા-યોજના (TASP) મહેસૂલી/મૂડી સદરે માંગણી નં. ૯૩/૯૬ હેઠળ સ્થાયી ખર્ચના અંદાજો, ચાલુ બાબત, નવી બાબત તથા સુધારેલ અંદાજો નાણા વિભાગને ઓનલાઈન મોકલી આપવા બાબત
4. બાંધકામ અંગે મૂડી સદરે માંગણી નં. ૮૪/૮૫ હેઠળ બજેટ અંદાજો
5. (A) બિન આદિજાતિ (જનરલ) માંગણી નં. ૮,૯,૧૦ (B) ખાસ અંગભૂત યોજના(SCSP) માંગણી નં. ૯૫ (C) આદિજાતિ વિસ્તાર પેટા-યોજના (TASP) માંગણી નં. ૯૩/૯૬ (D) બાંધકામ(R&B) માંગણી નં. ૮૪/૮૫ અંતર્ગત મહેસૂલી/મૂડી સદરે ગ્રાંટ ફાળવણી બાબત.
6. પૂરક માંગણીઓ
7. આકસ્મિક ભવિષ્ય નીધી, આકસ્મિક પૂરક માંગણીઓનું સંકલન
8. કામગીરી અંદાજપત્ર
9. પ્રવૃત્તિની રૂપરેખા
10. સહાયક અનુદાનની(ગ્રાન્ટ-ઇન-એઇડ) પુસ્તિકા
11. મહેકમ પુસ્તિકા
12. માન. નાણામંત્રીશ્રીનું અંદાજપત્રીય પ્રવચન
13. માન.શિક્ષણમંત્રીશ્રીનું અંદાજપત્રીય પ્રવચન
14. કાપ દરખાસ્તો(તમામ)
15. (A) બિન આદિજાતિ (જનરલ) માંગણી નં. ૮,૯,૧૦ (B) ખાસ અંગભૂત યોજના(SCSP) માંગણી નં. ૯૫ (C) આદિજાતિ વિસ્તાર પેટા-યોજના (TASP) માંગણી નં. ૯૬ બચત સુપરત, પુનર્વિનિયોગ અને તથા Replacement to other department ની કામગીરી
16. આઉટકમ બજેટ
17. મેક્રો આઉટકમ બજેટ

18. જેન્ડર બજેટ

19. ચાઇલ્ડબજેટ

20. Mid Term Expenditure Framework (MTEF Statement)

21. પાર્કિંગ ઓફ ફંડ (GSFS ને લગતું.)

22. મકાન પેશગી/ વાહન પેશગી (મુખ્ય સદર ૭૬૧૦ અને ૭૬૧૫) ફંડ ઉપલબ્ધતા પ્રમાણપત્ર આપવા બાબત

23. કેન્દ્ર પુરસ્કૃત યોજના અંતર્ગત ગ્રાંટ ફાળવણી તથા ખર્ચના પત્રકો

24. નાણા વિભાગ/ સામાન્ય વહીવટ વિભાગ/ આદિજાતિ વિકાસ વિભાગ/ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફથી માંગવામાં આવતી ફકત અંદાજપત્રને લગતી માહિતી

25. બિન આદિજાતિ (જનરલ), ખાસ અંગભૂત યોજના(SCSP), આદિજાતિ વિસ્તાર પેટા-યોજના (TASP) અંગેના માસિક/ત્રિમાસિક ખર્ચ પત્રકો

26. સચિવશ્રી-મંત્રીશ્રી- મુખ્ય મંત્રીશ્રીના અધ્યક્ષપદે યોજના તથા ખર્ચની પ્રગતિ અહેવાલ અંગેની બેઠક અંગે અને અંદાજપત્ર તૈયાર કરવા બાબતે સચિવશ્રી-મંત્રીશ્રી- મુખ્ય મંત્રીશ્રીના અધ્યક્ષપદે યોજનાર અંદાજપત્રીય બેઠકો માટેની માહિતી બાબત

27. સાગરખેડૂ યોજનાની ખર્ચની માહિતી બાબત

28. માહિતી અધિકાર અધિનિયમ – ૨૦૦૫ હેઠળ આવતી બજેટ શાખાને લગતી અરજીઓ અંગે કરવાની કાર્યવાહી

29. કલાઈમેન્ટ ચેન્જ વિભાગના અંદાજપત્રમાં સમાવેશ કરવા જેવી શિક્ષણ વિભાગની યોજનાઓની માહિતી બાબત.

30. અંદાજપત્રીય શુદ્ધિ પત્રકો( ERRATA) બાબત

31. નાણાપંચ

## વ-૧(ઓડીટ પારા) શાખા

1. રાજ્યની તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતો ઉપરના વિભાગને સંબંધિત નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ અને હિસાબ તરફથી આપવામાં આવેલ ટ્રસ્ટ ઓડિટ પેરાના જવાબો નિયત સમય-મર્યાદામાં કરવાની કામગીરી.
2. નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબોએ ગુજરાત વિધાનસભાને રજૂ કરેલ જે તે વર્ષના જિલ્લા અને તાલુકા પંચાયતો ઉપરના ઓડિટ અહેવાલનાં વિગતવાર ખુલાસાઓ તૈયાર કરીને નિરીક્ષકશ્રીની મંજુરી મેળવીને નિયત નમૂનામાં પુસ્તકો સ્વરૂપે છપાવીને ગુજરાત વિધાનસભાની પંચાયત રાજ સમિતિ રજૂ કરવા.
3. ચર્ચા દરમ્યાન સમિતિ તરફથી માંગવામાં આવતી માહિતી મેળવી ચકાસી, સંકલિત કરીને બુક્સ છપાવીને સમિતિને રજૂ કરવી.
4. પંચાયતી રાજ સમિતિની ભલામણો અન્વયે સંબંધિતો સામે પગલાં લેવાની કે આનુષાંગિક કાર્યવાહી હાથ ધરવી અને સમિતિને પગલાં પત્રકો રજૂ કરવા.
5. એ.જી. રાજકોટ / અમદાવાદના વિભાગ હસ્તકની સમગ્ર રાજ્યની કચેરીઓ તેમજ ઓટોનોમસ બોડીઝ અને સ્વૈચ્છિક સંસ્થાઓ કે જેઓને રાજ્ય સરકાર તરફથી રૂ. ૨૫ લાખ કે તેથી વધુ સહાય આપવામાં આવતી હોય અને જેનું ઓડિટ એ.જી. કચેરી પાસે કરાવવું ફરજીયાત છે. તે તમામ સંસ્થાઓમાં એ.જી.ડ્રાફટ પેરાઓ અને નિરીક્ષણ અહેવાલો ની કામગીરી.
6. ખર્ચ મેળવણાની કામગીરી.
7. એપ્રોપ્રિએશન એકાઉન્ટસ (વિનિયોગ હિસાબો) ના વિભાગને સંબંધિત તેમજ વિભાગની જે યોજનાઓ-માંગણીઓ સમાજ કલ્યાણ વિભાગ હસ્તક છે. તે માંગણીઓ ઉપરના વિગતવાર ખુલાસાઓ ગુજરાતી / અંગ્રેજીમાં તૈયાર કરી પુસ્તિકાઓ છપાવીને જાહેર હિસાબ સમિતિને રજૂ કરવાની કામગીરી.
8. ભારતના કોમ્પટ્રોલર એન્ડ ઓડીટર જનરલ (સીએજી) ના મુલ્કી અહેવાલો ઉપરની સમગ્ર કામગીરી.
9. ભારતના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડીટર જનરલના ઓડિટ અહેવાલ (મહેસુલ આવક) ઉપરની સમગ્ર કામગીરી.
10. જાહેર હિસાબ સમિતિને લગતી તમામ કામગીરી.
11. અંદાજ સમિતિની તમામ કામગીરી.
12. ઓડિટ પારા સંબંધિત કમિટીઓ અને મોનીટરીંગ કમીટીને લગતી કામગીરી.

## વ.૨-શાખા

1. વિભાગની બેથી વધારે શાખાઓને લગતી તથા બીજી કોઇપણ શાખાને લગતી ન હોય તેવી બાબતો અને અરજી (નીતી વિષયક બાબતો, વિધાનસભા પ્રશ્નો,સેન્ટ્રલી સ્પોન્સર્ડ સ્કીમ વગેરે સિવાય)
2. કેબીનેટ બેઠકને/COS ને લગતી બાબત.
3. PG Portal/ PM Reference
4. પરામર્શ સમિતિની બેઠકને લગતી બાબત.
5. ખાતાના વડાઓ સાથેની શિક્ષણ સચિવશ્રીની બેઠકો તેમજ સચિવશ્રીઓની બેઠકો અને એકશન પ્લાન અંગે કાર્યક્મ.
6. વાવાઝોડામાં થયેલ નુકશાન અંગેની માહિતીનું સંકલન વિભાગની બજેટ શાખાની સંલગ્ન રહીને.
7. રાષ્ટ્રીય એકતા માટેની સમિતિની બેઠકો બાબત.
8. બી.એસ.એફ.ની સંકલન સમિતિની બેઠકો.
9. ભાષાકીય લઘુમતીઓના પ્રશ્નોની બાબતો. (જેમાં સંકલન કરવાનું હોય)
10. વિધાનસભાને લગતું કામ.
11. એમ.એલ.એ. એમ.પી. રેફરાન્સ.
12. વહીવટી અહેવાલોનું સંકલન (વહીવટી અહેવાલ પ્રાસિધ્ધ કરવાની કાર્યવાહી જે તે વહીવટી શાખાની રહેશે.
13. કેન્દ્રીય સલાહકાર બોર્ડ શિક્ષણ મંત્રીઓની પરિષદ પ`મિ વિભાગીય કાઉન્સિલની બેઠક.
14. પબ્લીક સર્વિસ કમિશનના અહેવાલો.
15. શિક્ષણ વિભાગ / ખાતાના વડાઓની કચેરીને લગતી વ્યવસ્થા અને કાર્યરીતિની સંકલનને લગતી બાબતોનું સંકલન.
16. માન.મુખ્યમંત્રીશ્રી અને તેમના કાર્યાલય તરફથી આવતા વી.આઇ.પી.ઓ / રેફરન્સ ભારત સરકારના પત્રો વગેરેને લગતી સંકનની કામગીરી.
17. માન.મુખ્યમંત્રીશ્રીના જિલ્લાના પ્રવાસો દરમ્યાન મળેલ ફરીયાદો વગેરેની સંકનની કામગીરી.
18. મુખ્યમંત્રીશ્રી તરફથી ચર્ચા કરવાના કેસો અને વિગતો આપવાના કેસોની સંકનની કામગીરી.
19. ખાતરી સમિતિને લગતી સંકલનની કામગીરી.
20. પદમચંદ્રની ભલામણો.

21. વિભાગના કેન્દ્ર સરકારમાંના સરકારમાંના પડતર પ્રશ્નોની માહિતી બાબત.

22. ટાસ્કમીશન (સા.વ.વિ)

23. માદક દ્રવ્યો અને વ્યસન મુક્તિ નિવારણ બેઠકો બાબત.

24. કેન્દ્ર સરકાર દ્વારા માંગવામાં આવતી શિક્ષણ વિભાગને સંબંધિત વિવિધ્સ મુદ્દા ઉપરની માહિતીનું સંકલન.

25. લઘુમતીઓના કલ્યાણ અંગેના ૧૫ મુદ્દાના ત્રિમાસીક અહેવાલો.

26. રાજભાષા ગુજરાતીકરણ અંગેની સમિક્ષા બેઠકો અને અહેવાલો ઉપરના પગલાઓ.

27. ભાષાકીય લઘુમતીઓના કમિશ્નરશ્રીના વાર્ષિક અહેવાલ.

28. રાજ્યના ગરીબલક્ષી કાર્યક્રમ અને યોજનાઓની સંકલનની બાબત.

29. શ્રી જશવંત મહેતા સમિતિના અહેવાલ ઉપરની એમ્પાવર કમીટીની ભલામણો ઉપરની સંકલનની કામગીરી.

30. લોકાભિમુખ વહીવટ માટેની વાર્ષિક કાર્યયોજનાની રૂપરેખા તૈયાર કરીને ભારત સરકારને મોકલવા બાબત.

31. લોક ફરીયાદ એકમના પખવાડીક અહેવાલ.

32. યુનો / ભારત સરકાર દ્વારા ઉજવવામાં આવતા વિશિષ્ટ દિવસો.

33. નાગરિક અધિકાર પત્ર.

34. વિઝન.

35. સુચિત એકશન પ્લાન.

36. સંકલનને લગતી માહિતી.

37. માન.મુખ્ય મંત્રીના કાર્યાલયમાં શરૂ થયેલુ જનસંપર્ક એકમને લગતી બાબત.

38. ભુકંપ અંગેની સંકલન અંગેની સઘળી કાર્યવાહી જેમાં વિભાગની બે થી વધુ શાખાઓને સ્પર્શતી બાબતો.

39. બિન સરકારી સ્વૈચ્છિક સંસ્થાઓ પડી ગયેલ શૈક્ષણિક સંસ્થાઓને બાંધકામ કરવા માટે માર્ગદર્શન તથા ૫૦ ટકા સરકારી યોજના હેઠળ ફાળવવા અંગેની કાર્યવાહી.

40. બિન સંસ્થાઓને સેલ્સટેક્ષની મંજુરી આપવાની કાર્યવાહી.

41. ભુકંપગ્રસ્ત વિસ્તારમાં મદદ કરવનાર અન્ય દેશ – રાજ્યોના સરકારી તથા બિન સરકારી સ્વૈચ્છિક સંસ્થાઓ ને માર્ગદર્શન તથા દરખાસ્તોને ચકાસણી તથા મંજુરી આપવાની કાર્યવાહી.

42. ભુકંપગ્રસ્ત શૈક્ષણિક સંસ્થાઓને ગ્રાન્ટ માટે ભારત સરકાર,પી.એમ.રીલીફ ફંડ, એમ.પી.લાડની દરખાસ્તો તૈયાર કરી મોકલાવી તથા ફોલોઅપ.
43. સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીનો પ્રાગતી અહેવાલ (માસીક) તૈયાર કરી માન.મંત્રીશ્રી (શિ) ને રજૂ કરવા બાબત.
44. ભુકંપને લગતી માહિતી જીએડીએ મુખ્ય સચિવશ્રી, ભારત સરકાર વિગેરે મોકલવા બાબત.
45. સંકલનને લગતી વિધાનસભા અંગેની સઘળી કાર્યવાહી ( તારાંકિત/અતારાંકિત વિધાનસભા પ્રશ્નો સહિત )
46. ભુકંપને લગતી મીડીયા પબ્લીસીટી પ્રેસ નોંધ વિગેરીની કામગીરી તથા સમાચાર પત્રોમાં આવરી પ્રેસ નોંધ અંગેની સ્પષ્ટીકરણ આપવાની કાર્યવાહી.
47. ભુકંપને લગતી બેઠકોના આયોજન તથા તે અંગેની કાર્યવાહી નોંધ તૈયાર કરવી તથા ફોલોઅપ.
48. ભુકંપગ્રસ્ત વિસ્તારમાં વિદેશથી ભારત સરકાર, ભારત સરકાર કોર્પોરેશનનો સંસદસભ્યો અન્ય સરકારથશ આવતા મહાનુભાવોને શિક્ષણને લગતી સઘળી માહિતી પૂરી પાડવા તથા તે અંગેની દરખાસ્તો તૈયાર કરી આપવી તથા ફોલોઅપ.
49. ભુકંપને લગતી રાજ્યસભા પ્રશ્ન, લોકસભા પ્રશ્ન, જનસંપર્કને લગતી ( મુખ્ય મંત્રીશ્રી કાર્યાલય ) તથા ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એથોરીટી મહેસુલ, માહિતી વિભાગને માહિતી તૈયાર કરી મોકલવી.
50. ભુકંપગ્રસ્ત વિસ્તારમાંથી શિક્ષણ અંગેના લોકોના પ્રશ્નોના પત્રોના પ્રત્યુતરની કાર્યવાહી.
51. ખાતાના વડાઓનું કચેરીઓના ક્મચારીઓની ભલામણો જુદી જુદી તાલીમો માટે મોકલવાની કામગીરી
52. શ્રી દવે તપાસ પંચના અહેવાલ ઉપર ભલામણો અંગેની કાર્યવાહી
53. ગૌણ વિધાન સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ, વિશેષાધિકાર સમિતિઓને લગતી સંકલનની કામગીરી
54. ઇન્દીરા પ્રિયદર્શિની એવોર્ડ માટે ભલામણો
55. લઘુમતી કોમોનું પછાતપણું દૂર કરવા માટેની સમિતિ
56. એન.જી.ઓ દ્વારા થઇ રહેલ કામગીરીના મોનીટરીંગની કાર્યવાહી

## રોકડ શાખા

1. વિભાગના કર્મચારીઓ/અધિકારીઓના પગાર ભથ્થાં તથા કચેરી ખર્ચ વગેરે માટેના અંદાજપત્ર તૈયાર કરવાની કામગીરી
2. ઓડીટ-પારા સંબંધિત કામગીરી
3. કેશિયરની કામગીરી
4. HBA/MCA વ્યાજ ગણતરી, મુદ્દલ/વ્યાજ કપાતના પત્રકો તૈયાર કરવા
5. HBA/MCA રીફંડના બીલો બનાવવાની કામગીરી
6. ઇન્કમટેક્ષ સંબંધિત તમામ કામગીરી
7. વિભાગના તમામ અધિકારી/કર્મચારીના પગાર બીલો, જીપીએફના બીલો, મેડીકલ બીલો, ટી.એ. બીલો, કચેરી ખર્ચના બીલો, L.E. ના તથા અન્ય તમામ પ્રકારના બીલો બનાવવાની કામગીરી
8. નિવૃત્ત કર્મચારીના જૂથ વીમાની ચૂકવણી માટેની વિગતો તૈયાર કરી માહિતી મોકલવી તથા ગણતરી કરવાની કામગીરી
9. વિભાગના તમામ અધિકારીઓ/કર્મચારીઓની સેવાપોથી નિભાવવાની કામગીરી
10. પે વેરીફીકેશન માટે ઓનલાઇન કેસો મોકલવા
11. ઉ.પ.ધો. ચકાસણી માટે કેસો મોકલવા
12. કર્મચારીના પેન્શન કેસો સંબંધિત માહિતી આપવી, કેસોની ચકાસણી કરવી વગેરે કામગીરી

# અપીલ સેલ

1. અપીલની ટપાલોની ચકાસણી કરી પરચુરણ રજીસ્ટર તેમજ તેને લગતા અલગ રજીસ્ટરમાં અપીલની નોંધણી કરવી. તેમા નંબર પાડી અલગ ફાઈલ બનાવવામાં આવે છે.
2. કમિશ્નર શાળાઓની કચેરીની વર્ગ વધારા અંગેની અપીલોને સુનાવણી અંગેની તારીખો આપવી. આપેલ તારીખે અરજદાર સંસ્થાને સાંભળવી તથા તે અંગેના હુકમો તૈયાર કરી બંધ કવરમાં મોકલી આપવાની કામગીરી.
3. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરીની નવી માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અંગે ની અપીલની સુનાવણી અંગેની તારીખો આપવી. આપેલ તારીખે અરજદાર સંસ્થાને સાંભળવી તથા તે અંગેના હુકમો તૈયાર કરી બંધ કવરમાં મોકલી આપવાની કામગીરી.
4. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરીની નવી માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની નોંધણી રદ અપીલની સુનાવણી અંગેની તારીખો આપવી. આપેલ તારીખે અરજદાર સંસ્થાને સાંભળવી તથા તે અંગેના હુકમો તૈયાર કરી બંધ કવરમાં મોકલી આપવાની કામગીરી.
5. કમિશ્નર શાળાઓની કચેરીની અપીલો ના હુકમ સામે થયેલ કોર્ટ કેસોની કામગીરી.
6. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરીની અપીલો ના હુકમ સામે થયેલ કોર્ટ કેસોની કામગીરી.
7. માન.મુખ્ય મંત્રી, માન.શિક્ષણ મંત્રી, તથા અન્ય મંત્રીશ્રીઓ તથા માન.સંસદ સભ્યશ્રી અને માન.ધારા સભ્યશ્રી તરફથી મળતી રજુઆતોના નીકાલ કરવાની કામગીરી.
8. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧/૨૦૧૪/સી.કા./૧૦/ક તા.૦૨/૧૨/૨૦૧૬ ના ઠરાવ અન્વયે ગુજરાત પાઠ્યપુસ્તક મંડળ સિવાયના અન્ય તથા CBSE ના મંજૂરી વગર અભ્યાસક્રમ ચલાવતી હોય તેવી ખાનગી પ્રાથમિક શાળાઓને દંડ કરવાની અપીલો.